

## પાટનગરના પગથારેથી

- મનોજ મ.શુકલ

### અતિ ઉચ્ચ હોદ્દા ધરાવતા દંપતી વચ્ચે ખટરાગ.ત્રીજાનો મરો.



જરાય સાચી માનવાનું મન ન થાય તેવી એક વાત આજકાલ સચિવાલયમાં કર્ણોપકર્ણ ચર્ચાય છે.વાત જાણે એવી છે કે એક ઉચ્ચ મહિલા અધિકારીએ અમદાવાદના એક વેપારીને ફોન કરીને ખાસ ગાંધીનગર બોલાવ્યો.એ વેપારી સાથે પોતાની આલિશાન ચેમ્બરમાં એકલા બેસીને એ અફસર મેડમે સદરહુ વેપારીને કહ્યું કે તું મારા પતિની જાસુસી કર.એ કઈ કઈ મહિલાઓને મળે છે એ જાણી લાવ અને મને કહે.એ બિઝનેસમેનને એ મહિલા અધિકારીના પતિ અને તેમના સમકક્ષ અધિકારી સાથે પણ સરસ સંબંધ છે.હવે એ વેપારીની સ્થિતિ 'સુડી વચ્ચે સોપારી' જેવી થઈ ગઈ છે.જો જાસુસી કરવા જાય તો એ પુરુષ ઉચ્ચ અધિકારી સાથે સંબંધ બગડે અને જો સોંપાયેલું કામ ન કરે તો મેડમ સાથે સંબંધ બગડે અને સરવાળે બન્ને સાથે સંબંધ પુરા થાય અને એ અતિ ઉચ્ચ અધિકારીઓ દ્વારા વેપારમાં મળતા લાભો બંધ થઈ જાય!સરકાર સાથે કામ પાર પાડનારાઓને કેવાં કેવાં પડકારોનો સામનો કરવો પડે છે તેનું આ એક ઉદાહરણ છે હોં!

### અધિક મુખ્ય સચિવ મનોજ દાસનો મહેસૂલ વિભાગમાં સપાટો.

સચિવાલયમાં થતી ચર્ચાઓ જો સાચી માનીએ તો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૨૧/૦૬/૨૩ના રોજ બહાર પાડવામાં આવેલ હુકમમાં જે સરસ પોસ્ટીન્ગસ થયાં તેમાંનું એક પોસ્ટીન્ગ ૧૯૯૦ની બેચના સનદી અધિકારી અને અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસનું મહેસૂલ વિભાગમાં થયેલું પોસ્ટીન્ગ ગણાય છે.બિહારના દરભંગાના વતની અને કોમ્પ્યુટર સાયન્સ તથા એન્જિનિયરિંગના વિષય સાથે બી.ટેક.(ઓનર્સ) થયેલાં દાસ તેમની આગવી વહીવટી કુશળતા માટે જાણીતા છે.તેઓ જ્યાં ગયાં ત્યાં કશુંક આગવું કરતા રહ્યાં છે.મહેસુલ વિભાગમાં આવીને તેમણે આળસુ કર્મચારીઓને નોટિસ ફટકારીને કામ કરતા કરી દીધા છે.એ પછી મહેસૂલ વિભાગમાં તળિયાથી ટોચ સુધી ફેલાયેલી ફરિયાદનાં ઉકેલ માટે મનોજ દાસે પોતાના વિભાગમાં જ 'ફિડ બેક એન્ડ મોનીટરીંગ સેલ'ઉભો કરવાનું નક્કી કર્યું છે.આ સેલમાંથી અરજદારોને તમામ પ્રકારના કામ અંગે સીધા જ ફોન કરાશે અને સંબંધિત કચેરી, અધિકારી દ્વારા થયેલી કામગીરી અંગે પૂછવામાં આવશે.મનોજ દાસનો આ અભિગમ પ્રશંસનીય છે.દરિયા જેવું મહેસુલ તંત્ર તેનો યોગ્ય પ્રતિસાદ આપે એ ઈચ્છવું રહ્યું.

### હસ્તકલા વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટરની અનોખી ચેમ્બર.

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ એ ગુજરાત સરકારનું એક જાહેર સાહસ છે.તેની કચેરી હેન્ડલુમ ટેકનોલોજી બિલ્ડિંગ,રેલ્વે સ્ટેશન રોડ,સેક્ટર -૧૩ ખાતે આવેલી છે.આ નિગમના મેનેજિંગ ડિરેક્ટરનો બેઠક ખંડ (chember) અતિ વિશિષ્ટ છે અને નવું જોવાની ઉત્કંઠા ધરાવતા સૌ કોઈએ એકવાર જરૂર જોવા જેવો છે.વાત જાણે એમ છે કે આ નિગમના મેનેજિંગ ડિરેક્ટરની ચેમ્બરમાં ખુરશી-ટેબલ છે જ નહીં.તેને બદલે મહાત્મા ગાંધી જેવી (ભારતીય) બેઠક વ્યવસ્થા રાખતા એવી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.જેમાં જમીન પર ચારે બાજુ ગાદલા પાથરવામાં આવ્યાં છે અને પાછળ ટેકો દેવા માટે તકિયા મુકવામાં આવ્યાં છે.મેનેજિંગ ડિરેક્ટર માટે એક ઢાળિયુ મુકવામાં આવ્યું છે.આવી બેઠક વ્યવસ્થાનુ કારણ એ છે કે આ નિગમ હસ્તકલાના જે કલાકારો અને કારીગરો માટે કામ કરે છે તે બધાં લગભગ જમીન પર બેસીને પોતાનું કામ કરે છે.એ સૌ કલાકારોને આ નિગમના મેનેજિંગ ડિરેક્ટર પોતીકા લાગે એવાં શુભ આશયથી આ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સંભવત:ગુજરાત સરકારની આ એકમાત્ર એવી કચેરી હશે કે જેનાં વહીવટી સંચાલક જમીન પર બેસીને કામ કરતા હશે.

### ઉપસચિવ વિજય બધેકાને ૧૩મુ એક્સ્ટેન્શન.

ગુજરાત રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગત જુન મહિનામાં એક હુકમ બહાર પાડીને ગૃહ વિભાગ ઉપસચિવ વિજય બધેકાને વધું એક એક્સ્ટેન્શન આપવામાં આવ્યું છે.૨૦૧૦મા વયનિવૃત્ત થયેલા વિજય બધેકાને નિવૃત્તિ થયાનાં વર્ષથી સતત એક્સ્ટેન્શન આપવામાં આવે છે.મૂળ ભાવનગરના અને ત્યાંની શામળદાસ કોલેજમાં ભણેલા તથા સચિવાલયમાં કામઢા અને સરળ વ્યક્તિની છાપ ધરાવતા બધેકા ૧૯૭૬મા સીધી ભરતીના ડેપ્યુટી સેક્શન અધિકારી તરીકે પસંદ થઈને ગુજરાત સચિવાલયમાં જોડાયા હતા.આ આખા કિસ્સાની એક વિશેષતા એ છે કે વિજય બધેકા આ એક્સ્ટેન્શનના ગાળા દરમિયાન એક વખત સાત માસની કપાત પગારની રજા લઈને અમેરિકા પોતાના દીકરાને મળવા પણ ગયા હતા. પરંતુ જેવા પાછા આવ્યા કે તરતજ સરકારે તેમની મૂળ જગ્યાએ સ્થાપી દીધા હતા.બધેકાની એક છૂપી ઓળખ એ છે કે તેઓ જ્યોતિષ વિદ્યામાં પણ પારંગત છે.

### AIMS,રાજકોટના અધ્યક્ષપદે ડો. વી. આર. કથીરિયાની વરણી

કેન્દ્ર સરકાર દ્વારા રાજકોટમાં સ્થપાયેલી AIMS (All India medical institute of science)ના ચેરમેન તરીકે રાજકોટ જિલ્લા અને સૌરાષ્ટ્રમાં સંવેદનશીલ અને સહૃદયી રાજકારણીની છાપ ધરાવતા ડો.વલ્લભ આર. કથીરિયાની વરણી કરાઈ છે.

આવો આ ડો.કથીરિયાની ૧૦ વિશિષ્ટ વાતો જાણીએ(૧):-ડો. કથીરિયા ૧૨મી લોકસભામાં રાજકોટ જિલ્લાની સીટ પરથી ૩,૫૪,૮૧૬ મતની વિક્રમી લીડથી ચૂંટાયા હતાં.(૨):-ડો.કથીરિયા ૨૦૧૧થી ૨૦૧૭ સુધી ગુજરાત ગૌસેવા આયોગના ચેરમેન તરીકે ગાંધીનગરમાં સેકટર-૧૯ના બંગલા નં. ૧૩૯માં રહેતા હતા.(૩):-તેઓ વિપશ્યના પરંપરાના અર્પિત સાધક છે.(૪):-ડો.કથીરિયા નિયમિત રક્તદાતા છે.અત્યાર સુધીમાં ૧૩૨ વખત રક્તદાન કરી ચૂક્યા છે(૫):-તેઓ એમ. એસ.ની ડીગ્રી ધરાવે છે અને કેન્સર નિષ્ણાત છે.(૬):-તેઓ ૧૯૯૬ થી ૨૦૦૯ સુધી રાજકોટના સાંસદ રહ્યા છે.(૭):-તેઓ ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી બાજપાઈ સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી પણ હતા.(૮):-મેટ્રીકની પરીક્ષામાં તેઓ જેતપુર કેન્દ્રમાં પ્રથમ આવ્યા એ સમાચાર મળ્યા ત્યારે તેઓ કુવાના કોશ પર બેસીને ખેતરને પાણી પાતા હતાં(૯):-ડો. કથીરિયા બાળપણથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિદ્યાર્થી છે અને આજે પણ સંઘ સાથે સક્રિય રીતે જોડાયેલા છે.(૧૦):- ડો.કથીરિયાનો દીકરો, પુત્રવધૂ,દીકરી અને જમાઈ પણ ડોક્ટર જ છે.

# પંચાયત સેવાના કર્મચારીઓની ઈન્ટર ડીસ્ટ્રીક્ટ ટ્રાન્સફર્સને મુખ્યમંત્રીની મંજૂરીની મહોર

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારનો નવતર અભિગમ : પંચાયત સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ નાં કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલી પ્રક્રિયા પ્રથમવાર ઓનલાઇન-ફેસલેસ-પેપરલેસ અને ટ્રાન્સપેરન્ટ બની**

ગાંધીનગર, તા.૨૦

રાજ્ય સરકારના પંચાયત સેવાના વર્ગ-૩ અને વર્ગ-૪ નાં ૧૧૭૯ કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલીની કાર્યવાહીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરીની મહોર મારી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં વહીવટમાં ટ્રાન્સપેરન્સી અને એફિશિયન્સીને વેગવંતી બનાવવાના વિઝન સાથે ઓનલાઈન, ફેસલેસ અને ટ્રાન્સપેરન્ટ એવી આ બદલી પ્રક્રિયાનો અભિગમ પંચાયત વિભાગે પ્રથમવાર અપનાવ્યો છે.

આવી આંતર જિલ્લાઓની બદલીઓ માટેની અરજીઓમાં જેમને અગ્રતા આપવામાં આવી છે તેમાં દિવ્યાંગ કર્મચારીઓને, પતિ-પત્નીની નોકરીના કિસ્સામાં પતિ અથવા પત્નીએ જે જિલ્લામાં આંતર જિલ્લા ફેરબદલીથી જવા માટે અરજી કરી હોય તે જ જિલ્લામાં તેમના પતિ અથવા પત્ની ફરજ બજાવતાં હોય તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત જે કર્મચારીને પોતાને અથવા તેના પરિવારમાં માતા-પિતા, પતિ-પત્ની, બાળકોને કેન્સર હોય, કિડની ડાયાલીસીસ કરાવવું પડતું હોય, છેલ્લાં બે વર્ષ દરમિયાન ઓપન હાર્ટ સર્જરી-વાલ્વની સર્જરી કરાવી હોય, થેલેસેમીયાની સારવાર ચાલતી હોય કે ક્ષય, રક્તપિત્ત, ચિલ્ડ્રન વીથ સ્પેશિયલ નીડ જેવી બાબતો ધરાવનારાં કર્મચારીઓને પ્રાથમિકતા આપવામાં આવે છે.

આ આંતર જિલ્લા ફેરબદલીનો લાભ તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, અને ગ્રામ સેવક સહિતની કૂલ ૨૨ જેટલા સંવર્ગની જગ્યાઓ માટે ૧૧૭૯ કર્મચારીઓને મળશે.

આવી આંતર જિલ્લા ફેરબદલીમાં યોગ્ય કર્મચારીઓને લાભ મળે તેમજ કોઈ ગેરરીતિને અવકાશ ન રહે તેવા કર્મયોગી હિતકારી અભિગમ સાથે પંચાયત વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આવી આંતર જિલ્લા ફેરબદલીની સમગ્ર પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરેલ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકોની સુવિધા-સુખાકારી સાથે સીધા સંકળાયેલા આ પંચાયત સેવાના કર્મયોગીઓની આંતર જિલ્લા બદલીઓને પરિણામે જિલ્લાઓમાં જગ્યાઓ ખાલી ન રહે, અસંતુલન ન થાય તેમજ જરૂરિયાત મુજબનું માનવ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની નવી ઈમારત માટે જમીન ફાળવવામાં આવી

**જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલની વારંવારની અસરકારક રજૂઆતના પગલે સેકટર-૧૬માં ઓપનએર થિયેટરની પાછળ ૯,૬૯૫ ચો.મી.જમીન પર આધુનિક ઈમારત બનશે**

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી આધુનિક ઈમારત બાંધવા માટે સેકટર-૧૬ ઓપન એર થિયેટરની પાછળના ભાગે ૯,૬૯૫ ચો.મી. જમીન રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. જયારે જિલ્લા પંચાયત કચેરી સેકટર-૧૭ ખાતે સાડા ત્રણ દાયકાથી પણ વધુ સમયથી કાર્યરત છે. ત્યારે જિલ્લા પંચાયત કચેરીની ઈમારત જર્જરીત બની જતા નોનયુઝ જાહેર કરાઈ છે. ત્યારે જિલ્લા પંચાયત કચેરી માટે જમીન ફાળવવા આવતા અધિકારી-કર્મચારીઓ તેમજ જિલ્લા પંચાયતના સદસ્યોમાં પણ ખુશીનો માહોલ છવાયો છે.

જિલ્લા પંચાયતની સેવાઓનું દિન પ્રતિદિન થઈ રહેલુ વિસ્તરણ, ડીજીટલાઈઝેશન અને નાગરીકો માટેની પુરતી સુવિધાના અભિગમને જોતા જિલ્લા પંચાયત હસ્તક વિવિધ કચેરીઓ કાર્યરત કરવા માટે પુરતી જગ્યા ઉપલબ્ધ ન હતી. જેથી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા નવીન ઈમારત માટે જમીન ફાળવવા દરખાસ્ત કરવામાં આવી હતી.ત્યારે આ દરખાસ્તને ધ્યાને લઈ તંત્ર દ્વારા જમીન ફાળવવામા આવી છે. જિલ્લા પંચાયતને ફાળવવામાં આવેલી જમીન રાજયના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તક મુકવામાં આવી છે.જયારે તેની માલિકી માર્ગ અને મકાન વિભાગની રહેશે. જિલ્લા પંચાયતની ઈમારતનું બાંધકામ બે વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે સહિતની અનેકવિધ શરતો પણ રાખવામાં આવી છે. હાલ સેકટર-૧૭ સ્થિત

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં મેઘરાજાનો મંદ મિજાજ : ભીંજારાથી જનજીવન પ્રભાવિત

**મેઘરાજા મનમુકીને વરસ્યા નહીં : દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોની અવરજવર વચ્ચે ઝરમરિયો વરસાદ વરસ્યો : સેકટરોમાં ભીંજારાના માહોલ વચ્ચે કાદવ કિચડ**



ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં આજે સવારથી જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા. જયારે દિવસ દરમિયાન વરસાદી છાંટણા વરસતા શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. જો કે મેઘરાજા મનમુકીને વરસ્યા ન હતા. દિવસ દરમિયાન ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનોએ બફારો અનુભવ્યો હતો. જયારે ગરમીનો પારો ૩ ડીગ્રી નીચે ઉતર્યો હતો. સેકટરોમાં વરસાદી ભીંજારાથી કેટલાક ઠેકાણે કાદવ કિચ્ચડની સ્થિતિ જોવા મળી હતી. વરસાદી ભીંજારાથી જનજીવન પ્રભાવિત થયુ હતુ.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી વરસાદે વિરામ લીધો છે. શહેરમાં અત્યાર સુધી ૫૭૦ મી મી જેટલો વરસાદ થઇ ગયો છે. જો કે સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અત્યાર સુધીમાં ૭૦ ટકા જેટલો વરસાદ થયો છે. જો કે છેલ્લા બે સપ્તાહથી વરસાદી વાદળો મનમુકીને વરસતા નથી. છેલ્લા કેટલાક સમયથી વરસાદી વાદળો ગોરંભાતા આકાશી નઝારો પણ બદલાય છે. પરંતુ મેઘરાજા હાથતાળી આપી જતા નગરજનોની વરસાદની આશ ઠગારી નિવડે છે. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટ વર્તતા નગરજનો ગરમીથી પરેશાન છે. આકરા બફારના લીધે શહેરીજનો ત્રાહીમામ છે. રાજયમાં પણ મોટાભાગના શહેરોમાં પ્રથમ ત્રણ રાઉન્ડમાં મેઘરાજાએ બઘડાટી બોલાવી ઠેર ઠેર પાણી પાણીના દ્રશ્યો સર્જયા હતા. જયારે ગાંધીનગરમાં પણ ઓગષ્ટના મધ્યભાગ સુધીમાં નોંધપાત્ર વરસાદ થઈ ગયો છે. પરંતુ વરસાદી નઝારાના અંતે પણ વાતાવરણમાંથી ઉકળાટનુ પ્રમાણ ઓછુ થતુ નથી. આજે પણ સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. ઝરમરિયા વરસાદના લીધે ઠેર ઠેર ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન સમયાંતરે વરસાદના હળવા ઝાપટા બાદ પણ પલવારની ઠંડકના અંતે વાતાવરણમાં ઉકળાટ પ્રવર્તયો હતો. હાલ મઘા નક્ષત્રમાં વરસાદી વાદળો ગોરંભાવાની સાથે છુટાછવાયા વરસાદના ઝાપટા વરસશે જયારે કોઈ ઠેકાણે ભારે ઝાપટાથી વરસાદી નઝારો નિખરે તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. મઘા નક્ષત્રનો વરસાદ ખેતપાકો માટે પણ સારો ગણવામાં આવે છે. જયારે આ નક્ષત્રમાં વરસતા વરસાદનુ પાણી પણ આરોગ્યની બાબત ઉપરાંત અનેક રીતે ઉપયોગી નિવડતુ હોવાનુ પણ મનાય છે. શહેરમાં આજે સવારથી જ વાદળિયુ વાતાવરણ નિખર્યુ હતુ જયારે દિવસ દરમિયાન વરસાદી વાદળોની અવરજવર વચ્ચે હળવો વરસાદ પણ વરસ્યો હતો જો કે મેઘરાજા મનમુકીને ન વરસતા વરસાદની સાથે નગરજનોએ બફારાનો અહેસાસ પણ કર્યો હતો સાંજના સમયે વરસાદી છાંટણા વચ્ચે શહેરમાં ભીંજારાનો માહોલ છવાતા રજાના દિવસે જનજીવન પ્રભાવિત થયુ હતુ. સેકટરોમાં માટીના ઢગ થયા હોય ત્યાં કાદવ કિચ્ચડના દ્રશ્યો જોવા મળ્યા હતા. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ બિનજરૂરી વન્સ્પિત અને ઘાસ ઉગી નિકળતા જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. આજે મોડી સાંજે પણ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા જો કે વરસાદી ઝાપટના અંતે પણ વાતારણમાં જોઈએ તેવી ઠંડક થઈ ન હતી.

# શહેરમાં વરસાદી દિવસો દરમિયાન વનતંત્રએ ૩૦ હજાર રોપાઓની વાવણી કરી

**વનકવચ યોજના અન્વયે પણ ૧૦ હેકટરમાં આર્યુવેદિક સહીત વિવિધ પ્રકારના રોપાઓનુ વાવેતર કરાયુ : રોપાઆના ઉછેર અને જાળવણી માટે પણ યોગ્ય વ્યવસ્થા અનિવાર્ય**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં વરસાદી મોસમ નિખરતા વનતંત્રએ અત્યાર સુધી શહેરના ઉભા અને આડા માર્ગોની આસપાસ અંદાજિત ૩૦ હજારથી વધુ રોપાઓની વાવણી કરી છે. જયારે વન કવચ યોજના અન્વયે પણ ૧૦ હેકટરમાં વાવેતર કરવાનુ આયોજન કરાયુ હતુ વાવેતરની કામગીરી કરી દેવામાં આવી છે ત્યારે રોપાઓની જાળવણી અને ઉછેર માટે વન આરક્ષિત વિસ્તારને અનુલક્ષી ફેન્સીંગની યોગ્ય કામગીરી થાય તે પણ અનિવાર્ય છે. હાલ વન આરક્ષિત વિસ્તારમાં તુટેલી ફેન્સીંગમાં રખડતા ઢોર અને દબાણોનો અડ્ડો જોવા મળે છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ ફેન્સીંગના નવિનીકરણ માટે દરખાસ્ત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં વન આરક્ષિત વિસ્તાર દબાણો અને ગંદકીની ગિરફતમાં છે. જયારે ઘણાં ઠેકાણે ફેન્સીંગમાં ગાબડા જોવા મળી રહ્યા છે. વનવિસ્તારની તુટેલી ફેન્સીંગના લીધે નીલગાય સહીત રખડતા ઢોરનો પણ આ વિસ્તારમાં ત્રાસ વધી ગયો છે. જેના લીધે નવા રોપાઓના ઉછેર અને જાળવણી સામે પણ ખતરો મંડરાયો છે. વનતંત્રના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર શહેરના ઉભા અને આડા માર્ગોને અનુલક્ષી ફેન્સીંગનુ નવિનીકરણ કરવા માટે વનતંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે. જયારે વરસાદી દિવસો દરમિયાન વનતંત્રએ અત્યારસુધીમાં ૩૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરી છે. જેમાં વન આરક્ષિત વિસ્તારમં ત્રણ લાઈન મુજબ વાવણી કરવામાં આવી છે.

જેમાં પ્રથમ લાઈનમાં કદમ, પિન્કેરીયા, લિગ્નોનીયા, અર્જુનનળિયા, પેથોડીયા અને જેકરન્ડા સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ ઉપરાંત બીજી અને ત્રીજી લાઇનમાં લીમડા, કણજી, સીરશ, શીશુ, કાઈજેલીયા, કાશીદ, ગુલમહોર સહીતના રોપાઓની વાવણી કરવામાં આવી છે. ચ- ૬ થી ગ-૬ અને ખ-૫ થી ખ-૭ વિસ્તારમાં રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ઘ- ૨ થી જ-૨ અને જ-૨ થી સરિતા ઉદ્યાન, સરીતા ઉદ્યાનથી છ-૩ તેમજ ચ-૫ થી ચ-૬ ના વિસ્તારમાં રોપાની વાવણીનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. આ ઉપરાંત વન કવચ યોજના હેઠળ પણ ૧૦ હેકટરમાં વાવેતર કરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૧ હેકટરે ૧૦ હજાર રોપાઓની વાવણી કરવામાં આવે છે. વનકવચ યોજના હેઠળ કુલ ૮૫ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવે છે. જેમાં લીમડા, શીસુ, વડ, પીપળ, સરસ, અર્જુનસાદર, સાગ, તેમજ અન્ય આર્યુવેદિક પ્રકારના રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે.

જયારે આ ૧૦ હેકટરના વાવેતર અન્વયે અત્યાર સુધીમાં ૧ હેકટર મીના બજાર પાસે, સે-૩૦ ટીઆર સી કેમ્પસ, જી ઈ બી કોલોની પાસેના વિસ્તારમાં ૧ હેકટર,તેમજ ચરેડી ટાંકી પાસે ૧ હેકટર અને કોલવડામાં ૫ હેકટર વિસ્તારમાં વાવેતરની કામગીરી કરવામાં આવી છે. વનતંત્ર દ્વારા શહેરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસો દરમિયાન જ ખાડા ખોદવામાં આવે છે. વરસાદી દિવસોમાં નવા રોપાઓના વાવેતરને અનુલક્ષી ખાડા ખોદવામાં આવે છે. જેને અનુલક્ષી ગત દિવસોમાં વરસાદી મોસમ નિખરતા વનતંત્રએ શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં વાવેતરની કામગીરી કરી છે. જયારે વનકવચ હેઠળ પણ ૧૦ હેકટરમાં આર્યુવેદિક સહીત વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી છે. ત્યારે નવા રોપાઓની વાવણીને અનુલક્ષી તેની યોગ્ય જાળવણી અને ઉછેર થાય તે માટે પણ વન આરક્ષિત વિસ્તારમાં વારંવાર તુટતી ફેન્સીંગનુ નિરાકરણ આવે તે અનિવાર્ય છે. વનતંત્રએ ફેન્સીંગના નવીનીકરણ માટે દરખાસ્ત કરી છે ત્યારે વનતંત્ર દ્વારા હાથ ધરવામાં આવતી ફેન્સીંગની કામગીરી પણ ગુણવત્તાની દ્રષ્ટીએ અનેકવાર નબળી પુરવાર થઈ છે. ત્યારે આ મામલે નવતર અભિગમ પણ અપનાવામાં આવે તે પણ અનિવાર્ય છે.

હાર્દિક અભિનંદન



શ્રી કેતનભાઈ પટેલ

ગાંધીનગર સમાચારનું સંચાલન સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ... ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ.

શુભેચ્છક

કિશોરભાઈ ગોપલાણી (લક્ષ્મી બેકરી)
દીપકભાઈ સાહેબા (સાહેબા ગેસ એજન્સી)
અશોકભાઈ મહેતા (ભદ્ર કિરાણા સ્ટોર્સ)
સંજયભાઈ શાહ (પી. મનુભાઈ મેડીકલ)

જોઈએ છે

નીચે મુજબ મેન પાવર તથા સર્વિસ સંબંધિત પ્રોવાઈડર એજન્સીના સીલબંધ કવરમાંભાવો તા. ૨૭/૮/૨૦૨૩ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં મંગાવવામાં આવે છે.

૧. સિક્યુરીટી ગાર્ડ, લીફ્ટ મેઈન્ટેનન્સ, હાઉસ કીપિંગ

(નોંધ : ઉપરોક્ત દરેક કામની કેટેગરી મુજબ ફોર્મ અલગથી ભરવાના રહેશે. ફોર્મ ફી રૂ. ૫૦૦/- રહેશે.)

૨. ફાયર સેફ્ટી સંસાધનોની સર્વિસ, ઈલેક્ટ્રિક વર્ક, પ્લમ્બિંગ વર્ક

(નોંધ : ઉપરોક્ત કામમાં કોઈ ફોર્મ ફી રહેશે નહિ.)

ટેન્ડર ફોર્મ તથા શરતો રૂબરૂ ઓફીસેથી મેળવી લેવાના રહેશે.

પ્રમુખશ્રી

શ્યામા પ્રસાદ મુખર્જી નગર, કુડાસણ - ૩૮૨૪૨૧,
મો. : ૯૪૨૮૪૦૫૮૪૮, ૯૯૨૪૫૩૩૦૦૧



સમગ્ર વિશ્વમાં અજોડ એવું ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પર્વ રક્ષાબંધન નજીક આવી રહ્યું છે. આ પર્વમાં બહેન ભાઈના કાંડે રાખડી બાંધી તેના ક્ષેમકુશળની કામના કરે છે. આ પર્વને અનુલક્ષીને બજારમાં વિવિધ રાખડીઓ આવી ગઈ છે. જેમાં આ વર્ષે જુની રાખડીઓ નવી પેટર્ન સાથે જોવા મળી રહી છે. આ સાથે ઓલ ટાઈમ ફેવરીટ ''ગલગોટા રાખડી''માં પણ આ વર્ષે રંગબેરંગી વેરાયટી જોવા મળી રહી છે.

# માણસા, કલોલમાં પાણીની સમસ્યા નિવારવા ૫ વોટર વર્કસ અપગ્રેડ કરાશે

**પંપીંગ મશીનરી અને યાંત્રિક સાધનો બદલવામાં આવશે : ૯ કરોડથી વધુ ખર્ચની દરખાસ્તને મંજુરી**

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં હાલ વારંવાર ટેકનિકલ ખામીના લીધે પાણી પુરવઠો પ્રભાવિત થાય છે જૂની મશીનરી પણ આ માટે જવાબદાર છે. તો બીજીતરફ ગ્રામ્ય વિસ્તારમાં ક્ષતીઓના લીધે પાણીનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે આ સમસ્યા નિવારવા માટે કલોલ અને માણસા તાલુકામાં આ સ્થિતિ નિવારવા પાંચ વોટર વર્કસને અપગ્રેડ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે આ યોજના અન્વયે પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પિયજ, પ્રતાપપુરા, રાંચરડા, સોજા અને માણસાના હેડ વર્કસમાં પમ્પિંગ મશીનરી બદલવા પણ આયોજન કરવામાં આવ્યું છે

કલોલ અને માણસા તાલુકાના વિસ્તારને આવરી લેતી એમ ૧ના ભાગ ૨ હેઠળની જુથ પાણી પુરવઠા યોજના હેઠળના વિસ્તારમાં પાણીનો પ્રશ્ન જટિલ બનતો જાય છે જો કે આ મામલે યાંત્રિક કારણો પણ જવાબદાર છે. શહેરમાં પાણી વિતરણ માટે ઉપયોગમાં લેવાતાં ચરેડી અને સરિતા વોટર વર્કસમાં સમયાંતરે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com